**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૬ ટકા

# કોલવડા આયુર્વેદ હોસ્પિટલ દ્વારા સે-૨૨ના અખબાર વિતરકબંધુઓને ઉકાળાનું વિતરણ



ગાંધીનગર, તા.૧૦

આયુર્વેદ હોસ્પિટલ, કોલવડા દ્વારા ગાંધીનગર શહેરમાં નિયમિત રીતે અખબારનું વિતરણ કરતાં વિતરકબંધુઓને તેમની રોગપ્રતિકારક શક્તિ વધારે તેવા આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેરમાં કોરોના વાયરસના હાહાકાર વચ્ચે પણ અવરિત રીતે ગાંધીનગરના સેકટર-૨૨ ડેપો ખાતેથી અખબારનું વિતરણ ગાંધીનગર ન્યૂઝપેપર સપ્લાય એસોશિએશન દ્વારા કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગર શહેરના સેકટર-૧૪ થી ૩૦, કોલવડા, પેથાપુર, રાંધેજા, પીપળજ, ચિલોડા, પાલજ, આલમપુર અને નજીકના ગામમાંથી અખબારનું વિતરણ સેકટર-૨૨ ડેપો ખાતેથી કરવામાં આવે છે. આ અખબારના વિતરક બંધુઓ અને તેમના પરિવારની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરે તેવા આયુર્વેદ ઉકાળાની વ્યવસ્થા ગાંધીનગર નજીક આવેલી આયુર્વેદ હોસ્પિટલ, ગાંધીનગરના ડૉ. રાકેશ ભટ્ટ દ્વારા કરી આપવામાં આવી હતી. તેમના થકી ૨૦૦ વિતરકબંધુઓ અને તેમનો પરિવાર પી શકે તેટલા આયુર્વેદ ઉકાળાના પેકેટ આપવામાં આવ્યા હતા. અખબાર વિતરક બંધુઓએ આ સેવા બદલ આયુર્વેદ હોસ્પિટલનો આભાર માન્યા છે.

# ધોળાકુવા રામદેવનગર વસાહતમાં પાણીનો પોકાર

ગાંધીનગર, તા.૧૦

ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે. શહેરમાં કોરોનાએ આતંક મચાવ્યો છે ત્યારે ગાંધીનગરને અડીને આવેલા ધોળાકુવા સ્થિત રામદેવનગર વસાહતમાં પાણીના પોકાર ઉઠ્યા છે. રામદેવનગર વિસ્તારમાં કેટલાક ઠેકાણે પાણી ના આવતા અહીં રહેતા શ્રમિક પરિવારોની હાલત કફોડી બની જવા પામી છે. તંત્ર દ્વારા આ વિસ્તારના નાગરીકો માટે પાણીની વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી તેઓની લાગણી અને માંગણી છે.

ધોળાકુવા ગામના છેવાડે રામદેવનગર વસાહત આવેલી છે. જેમાં રાજસ્થાનના હજ્જારો શ્રમિકો પરિવાર વર્ષોથી વસવાટ કરી રહ્યા છે. ત્યારે આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે, નગરજનો ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. તો બીજી તરફ કોરોનાના કહેરને લઈ લોકડાઉન હોવાથી નાગરીકો ઘરમાં પુરાઈ રહ્યા છે. ત્યારે ધોળાકુવા ગામમાં સ્થિત રામદેવનગર વસાહતમાં પાણીના પોંકાર ઉઠવા પામ્યા છે. પાણી જરુરીયાત મુજબ ના આવતા વસાહતીઓ ત્રાહીમામ પોકારી ગયા છે. પાણી માટે સવારથી જ લાંબી લાઈનો લાગે છે. કોરોના ને પગલે સોશિયલ ડિસ્ટન્સ જળવાતા માત્ર ગણતરી પુરતુ પાણી મળી રહે છે. ત્યારે પાણી ન હોવાથી નાગરીકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. જયારે સામાન્ય દિવસોમાં તો ધોળાકુવાના ગ્રામજનોના ત્યાંથી પાણી ભરી લાવતા હોય છે. પરંતુ કોરોનાના કહેરને પગલે ગ્રામજનો પણ પાણી ભરવા માટે ના પાડતા હોવાથી પાણી માટે વસાહતીઓની સ્થિતિ જાયે તો જાયે કહા જેવી બની છે. લોકડાઉનની સ્થિતિમાં આ વિસ્તારમાં પાણીના ટેન્કર કે અન્ય સુવિધા તંત્ર દ્વારા ઉભી કરવામાં આવે તેવી સ્થાનિક વસાહતીઓની લાગણી અને માંગણી છે.

# એસટી ડેપોથી બસ તથા ટ્રક દ્વારા પરપ્રાંતિય શ્રમિકોને અમદાવાદ મોકલાયા









ગાંધીનગર, તા.૧૦

રાજયના પાટનગરમાં પણ કોરોનાએ કોહરામ મચાવ્યો છે. કોરોનાના કેસ ૧૨૦ ને પાર કરી ગયા છે. પાટનગર રેડ ઝોનમાં આવી ગયું છે, શહેરની ચારેબાજુ પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ત્યારે ગાંધીનગર થી પરપ્રાંતિય શ્રમિકોની હાલત કફોડી બની જવા પામી છે. વતનમાં જવા માટે શ્રમિકોએ દોડ મુકી છે. ત્યારે તંત્ર દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશનનું કામ અભણ મજુરો પાસે કરાવવામાં આવી રહ્યું છે. ત્યારે અત્યાર સુધીમાં તંત્રએ બે લાખથી વધુ શ્રમિકોને પોતાના વતન મોકલી આપ્યા છે. ઉત્તરપ્રદેશ, બિહાર, ઓડીશા અને છત્તીસગઢ સહિતના વિવિધ રાજયોમાં શ્રમિકો જઈ રહ્યા છે. બસો મારફતે શ્રમિકોને સાબરમતી રેલ્વે સ્ટેશન મોકલવામાં આવી રહ્યા છે. બસો ઉપરાંત ખાનગી ટ્રકો અને ખાનગીવાહનોમાં પણ શ્રમિકોને સાબરમતી રેલવે સ્ટેશન મોકલવામાં આવ્યા હતા.

ગાંધીનગર શહેરના એસટી ડેપો ખાતે આજે સવારથી જ શ્રમિકોની સંખ્યા વધી ગઈ હતી. ત્યારે મળતી માહિતી મુજબ અમદાવાદના ગોતા પોલીસે લાલ આંખ કરતા શ્રમિકોએ ગાંધીનગરની વાટ પકડી હતી. રાત્રીના સમયે ચાલતા ચાલતા મજુર વર્ગના નાગરીકો મોટી સંખ્યામાં એસટી ડેપો ખાતે આવી પહોંચ્યા હતા. આ નાગરીકોની પડખે કોઈ કહેવાતા સમાજસેવી નાગરીક આવ્યા ન હતા. શ્રમિકોની સંખ્યાને ધ્યાને લઈ પોલીસ પણ આવી ગઈ હતી. ત્યારબાદ શ્રમિકોને અમદાવાદ ખાતે મોકલવા માટે અને તેમના ઘરે સુરક્ષિત પહોંચે તે માટે એસ.ટી. બસની સાથે ટ્રકની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આ ટ્રકોમાં બેસીને નાગરીકો અમદાવાદ રેલ્વે સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. ત્યાંથી ટ્રેન મારફતે પોતાના વતન જવા માટે રવાના થશે. શહેરના એસટી ડેપોમાંથી એક અંદાજ મુજબ ૨૦ ટ્રકમાં શ્રમિકોને બેસાડીને મોકલી આપવામાં આવ્યા હતા. ત્યારે તંત્ર દ્વારા તેઓને ઘરે મોકલવાની વ્યવસ્થા થતા તેમના મુખ પર હાસ્ય જોવા મળ્યું હતું.

# ટિંટોડા ગામના ખેડૂતે ફરીવાર શાકભાજીના પાકનું દાન કર્યું

ગાંધીનગર, તા.૧૦

અત્યારે કોરોના મહામારીમાં ઘણા પરિવારોને અનેક જાતની સમસ્યાઓઓનો સામનો કરવો પડી રહ્યો છે, કેટલાય પરિવારોને ભૂખ્યા સૂવું પડી રહ્યું છે, સરકાર પણ વિવશ બની ગઈ છે, આવા કપરા સમયમાં ''ધરતી નો લાલ'' કહેવાતો ખેડૂત હાર માનવા તૈયાર નથી, અને તે અનાજ-શાકભાજી પકાવાનું અને અન્યને મદદરૂપ બનવાનું બંધ નથી કરતો. સમયની કરુણાદાયક મહામારીમાં અને આર્થિક રીતે પૈસાની તંગીમાં પણ ગાંધીનગર તાલુકાનાં ટિંટોડા ગામના એક ખેડૂતે ફરી એક વાર પોતાના ખેતરમાં વાવેલ શાકભાજી રીંગણનો તમામ પાક ગરીબ





પરીવારોની ભોજન સેવા માટે કાર્યરત અડાલજ પરચાધામના રસોઈ ઘરમાં આપી દીધો હતો.

ગાંધીનગર તાલુકાનાં ટિંટોડા ગામના ખેડૂત મહેન્દ્ર કેશાજી ઠાકોરે વધુ એક વાર તેમની વાડીમાં વાવેલા શાકભાજીમાં રીંગણનો તમામ પાક અડાલજના પરચાધામ ખાતે કોરોના કટોકટીમાં જરૂરિયાતમંદ શ્રમિકો માટે ચાલતી ભોજન સેવામાં દાન સ્વરૂપે ભેટ આપી દીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ મહેન્દ્ર કેશાજી ઠાકોરે આ રીતે પોતાના ખેતરમાં પાકેલાં રીંગણનો આખેઆખો પાક પરચાધામ ખાતે સેવામાં દાનમાં આપી પોતાની દિલેરીના દર્શન કરાવ્યા હતા. એવું કહેવાય છે ને કે તમારી પાસે ભલે કરોડોની જાયદાદ ના હોય પણ જો તમે દિલથી ઉદાર છો તો તમે સાચા ધનવાન છો. ટિંટોડા ગામના ગ્રામજનો આ ખેડૂતની દિલેરીને બિરદાવી રહ્યા છે જેમણે અન્યોએ પણ અનુસરવા જેવુ ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે.

# કોરોનાના પ્રકોપ વચ્ચે મધર્સ ડે ના દિવસે સંતાનોએ ઘરે બેઠા પોતાની માતાના આશીર્વાદ મેળવ્યા





કોરોનાના પ્રકોપ વચ્ચે આજે મધર્સ ડે ના દિવસે સંતાનોએ ઘરે બેઠા પોતાની માતાના આશીર્વાદ મેળવી આભાર મળ્યો હતો.. ઘરે ઘરે માતા અને સંતાનો વચ્ચે લાગણી સભર દશ્યો સર્જાયા હતા. કદાચ પહેલીવાર એવું બન્યું હશે કે કોઈપણ પ્રકારની બજારમાંથી ખરીદેલી ચીઝ વસ્તુઓ નહિ પરંતુ ઘરે બનાવેલી જ વસ્તુઓથી જ માતા ને ભેટ આપી હતી . ગાંધીનગરથી દીપલ પરમાર અને ચિનાર વાકાણીના લાગણી ભર્યા શબ્દો, અમદાવાદથી આર્ષ ભટ્ટ ગીતોના માધ્યમથી, રાંધેજા થી પ્રકૃતિ પટેલે ચોકલેટ બનાવીને, તો નડિયાદથી ઈશા ચૌહાણે મમ્મી ની પૂજા કરી આરતી ઉતારી. જ્યારે પૂજા વ્યાસ, જય વ્યાસ કે જેઓ મુંબઈ રહે છે અને તેમના મમ્મી કોઈમ્બતુર રહે છે, સાગર દેસાઈ હાલ ઓસ્ટ્રેલિયા છે જેમના મમ્મી વાવોલ રહે છે તેમને વિડિયો કોલીગ થી 'મધર્સ ડે' ની શુભેચ્છા આપી હતી. આપણા ભારત દેશ માં તો 'માતા' પૂજનીય છે. માં નાં સર્જન થયા પછી ભગવાનને પણ માં ની કુખે જન્મ લેવાનું મન થયું હતું.

## ચિરવિદાય

- સ્વ. કાનાણી નાનજીભાઈ ગોવિંદભાઈ, ઉ.વ. ૩૧
- સ્વ. અંતરબા મફાજી ચાવડા, ઉ.વ. ૮૦
- સ્વ. ઉમરાવભાઈ ભુરારામ શર્મા, ઉ.વ. ૫૩

# લોકડાઉન સમાપ્તિ પછી ઉદ્યોગો અને પ્રવાસનનાં સ્થળો ફરી ધમધમતા થશે

## ગુજરાત ટુરિઝમમાં કાર્યરત યુવતીનો પેઈન્ટિંગ્સ કળાના માધ્યમથી રાજયના પ્રવાસન સ્થળોની વર્ચ્યુલ સફર કરાવવાનો અદભૂત પ્રયાસ : પેઈન્ટિંગ્સ કેમ્પેઈન પૂર્ણ થતાં એક્ઝિબિશન કરીને પ્રધાનમંત્રી-મુખ્યમંત્રી રાહત ફંડમાં દાન તેમજ પ્રવાસન સાથે સંકળાયેલા જરૂરિયાતમંદોની મદદ માટે કરવાનો નિર્ધાર

ગાંધીનગર, તા.૧૦

આજે તમને કોઈ કહે કે ચાલો હું તમને ગુજરાતનાં વિવિધ સ્થળોનો પ્રવાસ કરાવું તો શું તમે તૈયાર થશો? સમગ્ર વિશ્વમાં ફેલાયેલી નોવેલ કોરોના વાઈરસ મહામારીને પરિણામે દુનિયાભરમાં પ્રવાસન ક્ષેત્ર સંપૂર્ણપણે બંધ પડ્યું છે અને નિષ્ણાતોના મત મુજબ ટુરિઝમ સેકટરને હવે ઊભું થતાં લાંબો સમય લાગી જશે. ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ટુરિઝમ સેકટર સારી રીતે વિકસ્યુ હતું, તેમાં પણ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ''સ્ટેચ્યુ ઓફ યુનિટી''ના નિર્માણ પછી તો રાજયમાં દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓમાં ખૂબ વધારો થયો હતો પરંતુ અચાનક વિશ્વને કોવિડ-૧૯નું ગ્રહણ લાગી ગયું છે અને તેના કારણે પ્રવાસન ક્ષેત્રને અત્યાર સુધીના ઈતિહાસનો સૌથી મોટો ફટકો પડ્યો છે. આ ક્ષેત્રે ગુજરાતનાં અસંખ્ય યુવાનો પોતાની કારકિર્દીની શરૂઆત કરી ચૂક્યા છે અને હજુ અનેક યુવાનો તે માટે થનગની રહયા હતા જેમના ચહેરા પર હાલ તો નિરાશાના વાદળ ઘેરાઈ રહયા છે. જો કે આ બધા વચ્ચે ગુજરાત ટુરિઝમમાં કાર્યરત એક યુવતીએ લોકડાઉન દરમ્યાન મળેલા ફાજલ સમયમાં પોતાના ચિત્રકળાના શોખને પુનર્જીવિત કરવા સાથે તેનો ઉપયોગ પોતાના મિત્રો-





સ્નેહીજનો અને સોશિયલ મીડિયા પર તેની સાથે સંકળાયેલા અસંખ્ય નેટિઝન્સને ગુજરાતનાં વિવિધ પ્રવાસન સ્થળોની વર્ચ્યુયલ ટ્રીપ કરાવવા સાથે એક માનવીય સંદેશ પાઠવવાનો પ્રેરણાત્મક પ્રયાસ કર્યો છે. આ સાથે તેને પ્રવાસન ક્ષેત્રે સંકળાયેલા તમામને નિરાશા ખંખેરી પ્રોત્સાહિત કરવાનું કાર્ય પણ કર્યું છે.

ગુજરાતનાં ઐતિહાસિક શહેર જૂનાગઢમાં જન્મેલી નીકી કથીરિયાએ કોમ્પુટર સાયન્સમાં એન્જિનિયરિંગ કર્યા પછી ગાંધીનગર ખાતે વર્ષ ૨૦૧૪માં નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી – નિફટમાંથી ફેશન ડિઝાઈનીંગમાં માસ્ટર ડિગ્રી મેળવ્યા બાદ તેઓ છેલ્લા પાંચ વર્ષથી ગુજરાત પ્રવાસન સાથે સંકળાયેલ છે જેમાં તેઓ પહેલા ટુરિઝમના લિટરેચર ડિઝાઈનીંગમાં પોતાની ઈંટર્નશિપ પૂરી કરી અને હવે તેઓ જનસંપર્ક અધિકારી તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેઓ પોતાની ફરજના ભાગ રૂપે પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે પ્રચાર-પ્રસારને લગતી વિવિધ સર્જનાત્મક પ્રવૃતિઓનું આયોજન સાંભળે છે. નીકી કથીરિયાના પિતા કે.એમ.કથીરીયા રાજકોટ ખાતે મામલતદાર છે અને માતા મનીષાબેન એક ગૃહિણી છે અને નીકી કથીરિયા ગાંધીનગરમાં સેક્ટર-૩માં પેઈંગ ગેસ્ટ તરીકે અન્ય યુવતીઓ સાથે રહીને પોતાની કારકિર્દી સંભાળી રહ્યા છે. પોતાની નોકરીમાં કામના ભારણ અને વારંવાર પ્રવાસના કારણે પોતાના પેઈન્ટિંગના











શોખ માટે સમય ફાળવી શકતા નહોતા પરંતુ કોરોના મહામારીના ભારતમાં ફેલાવા સાથે લોકડાઉન લાગુ પડ્યું અને હવે તે સ્થિતિ વધુ લંબાઈ જતાં એ શોખને ફરી ઉજાગર કરવાની તેમને તક મળી. જો કે આ તક નો ઉપયોગ તેમણે પોતાની ફરજ સાથે સાંકળી ગુજરાત ટુરિઝમ વિશે નાગરિકો જાગૃત થાય તેમજ તેઓ ઘરે બેઠાં જ સરસ મજાની ટ્રીપ અનુભવી શકે તે માટે એક નવીનતમ વિચાર અમલમાં મૂક્યો અને સૌ પ્રવાસીઓ સમક્ષ તેમણે પેઈન્ટિંગ્સ કળાના માધ્યમથી ગુજરાતના પ્રવાસન સ્થળોની વર્ચ્યુલ સફર કરાવવાનો અદભૂત પ્રયાસ હાથ ધર્યો છે.

નીકી કથીરીયાએ તેમના જન્મસ્થળથી પોતાની પેઈન્ટિંગ્સ સિરીઝની શરૂઆત કરી છે. સ્વાભાવિક છે કે તેમનું જન્મસ્થળ જૂનાગઢ હોવાથી તેમને તેમના શહેર પ્રત્યે ખૂબ જ લગાવ હોય. તેમણે જુનાગઢમાં આવેલ ખુબ જ સુંદર અને ઐતિહાસિક સ્મારક મહોબતખાનના મકબરાથી કરી છે. હવે પછીની પેઈન્ટિંગ્સ શ્રેણીમાં વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી, ઉત્તર ગુજરાતના વિજયનગર તાલુકામાં આવેલ પોળો ફોરેસ્ટ, અતિ પ્રાચીન ઈડરીયો ગઢ, મોઢેરાનું સૂર્ય મંદિર, સુરતમાં આવેલા ઈંગલિશ ટોમ્બ, વિશ્વ પ્રસિધ્ધ કચ્છનું સફેદ રણ અને રણઉત્સવ જેવા સ્થળોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. નીકીના દરેક પેઈન્ટિંગ ની વિશેષતા એ છે કે તેમના દરેક પેઈન્ટિંગમાં ''માનવીય તત્વ'' જોડાયેલું જ હોય છે તેમજ દરેક પેઈન્ટિંગ્સ સાથે તેમના લેખક મિત્રો દ્વારા સ્ટોરી લાઈન પણ જોડવામાં આવી છે જેથી તે નિહાળનાર દરેક વ્યક્તિ તે સ્થળ પર ફરતા હોય તેવો અનુભવ કરી શકે છે. તેમણે સાબરકાંઠા જિલ્લા ખાતે આવેલા સુપ્રસિધ્ધ 'ઈડરિયા ગઢ'નું પેઈન્ટિંગ બનાવ્યું છે. જેમાં ચિત્ર જોયા પછી આંખો બંધ કરીને કલ્પનાશક્તિના આધારે ઈડરીયો ગઢ ઘરે બેઠાં-બેઠાં જ જોઈ શકાય તેવું આબેહુબ કુદરતી સોંદર્ય કંડાર્યું છે. સુરત ખાતે આવેલા ઐતિહાસિક ઈંગ્લિશ ટોમ્બના ચિત્રમાં એક વિદેશી પ્રવાસી યુવતીને એકલી ટોમ્બ નિહાળતી દર્શાવી છે જેના થકી તેમણે ગુજરાતમાં પ્રવાસી મહિલાઓ પણ સુરક્ષિત હોવાનો સંદેશ પાઠવ્યો છે. વિજયનગરના પોળોના જંગલના ચિત્ર દ્વારા તેમણે ગુજરાતની પ્રાકૃતિક સુંદરતાને કેનવાસ પર કંડારી છે. અત્યારે તેમની નોકરી પણ સપ્તાહના ત્રણ દિવસ ચાલુ હોવા છતાં એક પેઈન્ટિંગ ૩ થી ૪ દિવસમાં તૈયાર કરે છે અને પોતાના દરેક ચિત્રોને સોશિયલ મીડિયા પર અપલોડ કરી ગુજરાત પ્રવાસન તથા તેની સાથે સંકળાયેલા દરેકને પ્રોત્સાહિત કરવાનું કામ કરે છે.

નીકી કથીરીયા કહે છે કે ''હું છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાત પ્રવાસન વિભાગ સાથે સંકળાયેલ છું એટલે મને ટુરિઝમ સેકટરની ચિંતા સતાવે એ સ્વાભાવિક છે. આપણે સૌએ કોરોનાની સામે સતર્ક રહી સરકારનાં સુચનોનું પાલન કરી ઘરમાં જ રહેવાનું છે અને જયારે લોકડાઉન સમાપ્ત થાય તે પછી ઉદ્યોગો અને પ્રવાસનનાં સ્થળો ફરી ધમધમતા થશે જ એવો પૂર્ણ વિશ્વાસ છે. મારૂ આ પેઈન્ટિંગ્સ કેમ્પેઈન પૂર્ણ થયા બાદ હું તેનું એક્ઝિબિશન કરીશ અને તેમાંથી પ્રાપ્ત થનાર ફંડનો ઉપયોગ પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી રાહત ફંડમાં દાન આપવા માટે તેમજ પ્રવાસન ઉદ્યોગ સાથે સંકળાયેલા જરૂરિયાતમંદોની મદદ માટે પણ કરીશ''.

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com